# ઓનલાઈન 'વિનોદ સપ્તાહ'નું ભવ્ય આયોજન




ગાંધીનગર, તા.૨૮

લોકડાઉનને કારણે આજે ઓન લાઈન પ્રોગ્રામનો જમાનો આવ્યો છે. સુપ્રસિદ્ધ હાસ્યલેખક વિનોદ ભટ્ટની પુણ્યતિથિ નિમિત્તે ગાંધીનગરની સાહિત્યસભા આયોજિત તા. ૨૩થી ૨૯ મે ૨૦૨૦ દરમિયાન 'વિનોદસપ્તાહ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું પ્રસારણ bhagyeshjha યુ ટ્યુબ ચેનલ પરથી રોજ સાંજે ૫.૩૦ કલાકે કરવામાં આવે છે. તા.૨૭ મે ના રોજ 'તમે યાદ આવ્યા' કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં જાણીતા સાહિત્યકારો એ અભિવ્યક્તિ કરી ત્યારે લાગ્યું કે વાયરસને હંફાવવા હાસ્યરસ કાફી છે.

કાર્યક્રમના આરંભે ભાગ્યેશ જહાએ વિનોદ ભટ્ટને સ્મરતા કહ્યું કે 'દરેક કાર્યક્રમમાં વિનોદ ભટ્ટનું અંતિમ વ્યાખ્યાન એટલે હોય છે કે એમના ચોક્કા છક્કા પછી કોઈ બેટ્સમેન(વક્તા) ચાલતો નથી.' અજય ઉમટે કહ્યું કે 'ગુજરાતી સાહિત્યમાં જ્યોતીન્દ્ર હ. દવે પછી હાસ્યનો બળકટ સ્વર વિનોદભાઈ છે.' તુષાર શુક્લએ કહ્યું કે 'વિનોદભાઈની સેન્સ ઓફ હ્યુમરને સો સલામ કરવાનું મન થાય.' પારસ પટેલે વિનોદભાઈની 'સાવિત્રી -સત્યવાનની વાર્તા' અને હરદ્વાર ગોસ્વામીએ હાસ્યનિબંધ 'પોલીસનો પ્રેમપત્ર'નું ભાવવાહી શૈલીમાં વાચિકમ રજૂ કર્યું હતું. વિનોદભાઈના નાનાભાઈ ઉપેન્દ્ર ભટ્ટ અને પુત્ર સ્નેહલ ભટ્ટે સંસ્મરણો વાગોળ્યા હતા.

નાટ્યકાર મનોજ જોશી, ગુણવંત શાહ, રતિલાલ બોરીસાગર, કૃષ્ણકાંત ઉનડકટ, ભરત ઘેલાણી, જય વસાવડા,રઈશ મનીઆર ઈત્યાદિ જાણીતા સર્જકોએ પણ પ્રસ્તુતિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંકલન સંજય થોરાત અને પ્રાર્થના જહાએ કર્યું હતું.

# રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા આયુર્વેદ નિષ્ણાત ડો. રાજેન્દ્ર હાથીનું ઓનલાઈન વ્યાખ્યાન



**"જહાં ડાલ ડાલ પર જીવન રક્ષક જડીબુટ્ટીઓ કાં બસેરા, વહ ભારત દેશ હૈ મેરા**
**કહા કોરોના વાઈરસ જૈસે દૈત્યો પર દેસી દવાઓ કા પહેરા, વહ ભારત દેશ હૈ મેરા**
**સબકા હસતા રહે ચહેરા, જય ધન્વન્તરી, જય ધન્વન્તરી, જય ધન્વન્તરી"**

ગાંધીનગર, તા.૨૮

આ શબ્દો છે ડો. રાજેન્દ્ર હાથી, આયુર્વેદ નિષ્ણાત, ભૂતપૂર્વ તબીબી અધિકારી, આયુર્વેદ કન્સલ્ટન્ટ અને ભૂતપૂર્વ પ્રોડક્શન સલાહકાર: ધન્વતરી આયુર્વેદ ઔશધ ઉત્પાદન સંકુલ, ગુજરાત રાજ્ય વનવિકાસ નિગમ લિ (હાલ બરોડા સ્થિત)ના કે જેવો રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા આયોજિત વેબિનારમાં ઉપસ્થિત રહી "મારું રસોડું... કોરોના સમય ગાળામાં અડધું દવાખાનું અને પોણું પ્રાથમિક અયોગ્ય કેન્દ્ર" વિષય આધારિત પોતાના અનુભવો અને રોજબરોજ ના જીવનમાં ઉપયોગમાં લેવાતા વિવધ મસાલાનું મહત્વ, અને તેની ઉપયોગીતા વિશે શેર, શાયરી, કવિતા એમ એક અલગ અંદાઝમાં જીનવટપૂર્વક માહિતી પૂરી પાડી હતી.

સાથે આયુર્વેદનું આજના સમયમાં કેટલું મહત્વ છે તેનું માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું. રોટરી ક્લબ વતી રોટે. જોય બક્ષી દ્વારા વાક્તાશ્રી અને હાજર સૌનું સ્વાગત કરવામાં આવ્યું હતું જ્યારે રોટે. ભારતરત જૈન દ્વારા અભારવિધિ કરાઈ હતી. સમગ્ર વેબીનારનું આયોજન અને સંકલન રોટરી પ્રમુખ, ડો. ધર્મેન્દ્ર પટેલ અને કવિતા બક્ષી દ્વારા કરવામાં આવ્યું હતું જેનો લાભ ખુબ મોટી સંખ્યામાં લોકોએ લીધો હતો.

# વિધાનસભા ખાતે વીર વિનાયક સાવરકરની ૧૩૭મી જન્મ જયંતિની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૮

શ્રી વિનાયક દામોદર સાવરકર ની૧૩૭ મી જન્મજયંતિ નીમીતે વિધાનસભા ના અધ્યક્ષ શ્રી એ વિધાનસભાના પોડીયમ મા રાખેલ તૈલ ચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમજ વિધાનસભા ના સચિવ શ્રી ઓએ પણ સોસીયલ અંતર રાખી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તા. ૨૮ મે ૧૮૮૩ ના રોજ મહારાષ્ટ્રના નાસીક જીલ્લાના ભાગુર ગામમા જન્મેલ હતા.

તે આઝાદીની ચળવળમાં ભાગલેતા અંગ્રેજોએ ૫૦ વર્ષની સપ્તની સજા ફરમાવેલ એને આંદામાન કાળાપાણીની સજા ફરમાવેલ, ૧૪ વર્ષેની સજા બાદ રત્નાગીરી જલમા તબદીલ કરેલ, ૧૯૩૭ થી ૪૭ સધી જેલમા થઈ છુટ્યાપછી ફરી આઝાદીના ક્રાંતિકારી કાર્યક્રમોમા જોડાઇ ગયા હાત.

૨૬ ફેબ્રુઆરી ૧૯૬૬ના તેમનુ અવસાન થયું હતું.





વૈશ્વિક મહામારી કોરોના સામે લડવા વિશ્વના દરેક અનેક ઉપાયો અજમાવી રહ્યા છે. ભારતમાં પણ આ મહામારી સામે લડવા સરકાર અનેક મોરચે અથાક પ્રયત્નો કરી રહી છે. કોરોનાના કહેરને નાથવા ભારતમાં શરૂઆતથી જ અનેક પગલા લેવાયા અને સમગ્ર ભારતમાં તબક્કાવાર લોકડાઉનને અમલી કરાયા. આજે તમામ ભારતીય લોકડાઉન-૪.૦ના અંતિમ તબક્કામાં છે અને આંશિક છૂટછાટ છે ત્યારે હવે કોરોના સાથે અને સામે લડવા સરકારની માર્ગદર્શીકા મુજબ જનજીવન ફરીથી ધબકતું કરવા સાવચેતી ખૂબ જરૂરી છે ત્યારે ગાંધીનગરના યુવાન સીનેમેટોગ્રાફર - હિરેન પંડ્યાએ જનજાગૃતિ માટે પહેલ કરી છે જેમા તેઓએ સ્પેશ્યલ ફોટોશુટ કરીને 'સોશ્યલ ડીસ્ટન્સ, માસ્ક, સેનેટાઈઝર અને હેન્ડ ગ્લોઝને જીવનનો એક ભાગ બનાવવા અપીલ કરી છે. સાથે સાથે એ પણ અપીલ કરી છે કે 'સાવચેત રહો, સુરક્ષિત રહો.'

# શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસીમાં રાષ્ટ્રીય લેવલના વેબિનાર યોજાયો


ગાંધીનગર,તા. ૨૮

કોવિડ-૧૯ થી ઉત્પન થયેલી પરિસ્થિતી મા ફાર્મસિ કોર્સનુ મહત્વ રાષ્ટ્રીય તથા આંતર-રાષ્ટ્રીય લેવલે ખુબજ વધી રહયુ છે. આ સંદર્ભમા બાપુ ગુજરાત નોલેજ વિલેજની ફાર્મસિ કોલેજ દ્વારા તા.૧૫/૫/૨૦૨૦ ૨૪/૫/૨૦૨૦ ના રોજ રાષ્ટ્રીય લેવલના



બે વેબિનાર "કરિયર પ્રોસપેકટસ ઓફ ઈંડિયન ફાર્મસિ ઈન ધ યુ.કે." વિષય પર યોજાયા હતા.

પ્રથમ વેબિનાર માં મુખ્ય વકતા તરીકે બ્રિટેન ની ગ્લાક્સોસ્મિથલાઈન ના સિનિયર સાયંટિસ્ટ મિ.પરાગ પટેલ અને રશપાલસિહ શૈનીએ ખૂબ જ પ્રેક્ટિકલ રીતે ફાર્મસિ કોર્સનુ મહ્ત્વ યુ,કે.મા શું છે તેની વિગતવાર માહિતી આપી હતી. જયારે બિજા વેબિનારમાં મુખ્ય વક્તા તરીકે ફ્લોરિડા સ્થિત ઈકડ્ર્સ ફાર્મસિ ના માલિક મી. વિક્રમ રાવ હાજર રહી વિદ્યાર્થીઓને અમેરિકા માં રહેલી ફાર્મસિ ની તકો અને ઉચ્ચ અભ્યાસ ના વિવિધ



પાસાઓ ની વિગતે ચર્ચા કરી હતી.

ગૂગલ મીટ દ્વારા યોજાયેલા પ્રથમ અને દ્વિતિય વેબિનાર મા કુલ ૬૫૦ વિદ્યાર્થીઓએ ભારતની વિવિધ સંસ્થાઓમાં થી ભાગ લીધો હતો. ઈ-લર્નિંગના માધ્યમથી યોજાયેલા આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન ફાર્મસિ કોલેજનાના પ્રિંસિપાલ ડો. ધર્મેશ ગોલવાલા અને ફાર્મસિ કોલેજના સમગ્ર સ્ટાફે સાથે મળીની કર્યુ હતુ.

આ કાર્યક્રમના સફળ આયોજન બદલ કેમ્પસના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, સંસ્થાના ડાયરેકટર પ્રોફેસર રવિ કુમાર એ કોલેજના પ્રિન્સિપાલ ડો. ધર્મેશ ગોલવાલા અને ફાર્મસિ કોલેજના સમગ્ર સ્ટાફેને અભિનંદન પાઠવ્યા હતા.

# આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજનો ૭૮મો પ્રેમાંજલિ પર્વ ઉજવાયો

**પ્રેમાંજલિ પર્વ - ૭૮મા પ્રાગટ્ય પર્વની સંતોએ સાથે મળી કરી ઉમંગભેર ઉજવણી**

ગરવી ગુજરાતના મહાનગર અમદાવાદની દક્ષિણે મણિ સમ સોહતા મણિનગરમાં અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાર્વભૌમ નાદવંશ ગુરુપરંપરાના પંચમ વારસદાર શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના પ્રેમાંજલિ પર્વ-૭૮ મા પ્રાગટ્ય પર્વની સંતોએ સાથે મળી ઉમંગભેર ઉજવણી કરી હતી. શ્રી સ્વામિનારાયણ મંદિર મણિનગરમાં મઘમઘતા જૂઈ, મોગરાના પુષ્પોના બાગમાં બિરાજમાન શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી સહજાનંદ સ્વામી મહારાજ, શ્રી અબજી બાપાશ્રી, શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર શ્રી મુક્તજીવન સ્વામીબાપાની પુનિતમય નિશ્રામાં શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજે પુષ્પહાર પહેરાવી, ચરણોમાં બિરાજમાન થયા હતા. સ્વામિનારાયણબાપા સ્વામીબાપા સમક્ષ અન્નકૂટોત્સવની મનોરમ્ય સજાવટ કરવામાં આવી હતી. આ પાવનકારી અવસરે પંચામૃત પૂજન, મહિમાગાન સહ લાઈવ સંતોના વિધ વિધ ધાર્મિક નૃત્યો, કેક કટિંગ સેરેમની અર્પણવિધિ, સદ્ગુરુઓની શબ્દ પુષ્પાંજલિ, આરતીઓ વગેરે અનેકવિધ કાર્યક્રમો સંપન્ન થયા હતા.



વિશ્વવાત્સલ્યમહોદધિ આચાર્ય સ્વામીજી મહારાજે વિશ્વમાં શાંતિ બની રહે તે માટે સક્રિય રહી સામાજીક, રચનાત્મક પ્રવૃત્તિઓ સહિત નાતજાતના ભેદભાવથી પર રહીને અઢારેય આલમને સમદ્રષ્ટિથી નિહાળ્યા છે. સનાતન વૈદિક ધર્મમાં ઉદારતાના પાઠ શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર ગુરુદેવ શ્રી મુક્તજીવન સ્વામીબાપા પાસેથી મેળવ્યા છે. તેઓશ્રીનું પાવનકારી સાંનિધ્ય, સત્સંગ અને પ્રસંગોથી અસંખ્ય મુમુક્ષોના જીવતરને સાર્થક બનાવવાના યજ્ઞમાં સક્રિય રહે છે. તેઓશ્રીમાં પ્રભુભક્તિ, ગુરૂભક્તિ અને રાષ્ટ્રભક્તિનો સમન્વય છે તેમજ સેવા, સમર્પણ, સહજતા અને સરળતાનો સંગમ દીપી ઊઠે છે એવી તેઓશ્રીની લોકોત્તર પ્રતિભા છે. આ અવસરે વર્તમાન સમયે ચાલી રહેલી વૈશ્વિક કોરોનાની મહામારી સંપૂર્ણ નાબૂદ થાય, એનાથી સંક્રમિત થયેલા જનો સાજા થાય અને સૌની આર્થિક સ્થિતિ સદ્ધર બને તેવી પ્રેમાંજલિ પર્વે સદ્ધર્મરત્નાકર આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજે ભગવાનને પ્રાર્થના કરી હતી.

વિશ્વભરમાં છવાયેલા શ્રી સ્વામિનારાયણ ગાદી પરિવારના હરિભક્તોએ પોતાના ઘરે રહી સાદાઈથી 'શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજનું ૭૮ મુ પ્રેમાંજલિ પર્વ' ઉજવ્યું હતું.

## સમર્પણ ધ્યાનયોગ દ્વારા ઓનલાઈન ધ્યાન મહાશિબિરનું આયોજન

**તા. ૨૯ મેથી ૫ જૂન સુધી સાંજના ૪ કલાકે યુટ્યુબની 'અનભૂતિ સમર્પણ' ચેનલ પર થશે પ્રસારણ**

ગાંધીનગર, તા. ૨૮


પ્રવર્તમાન સમયમાં સમગ્ર વિશ્વમાં કોરોના મહામારી જેવી વિકટ સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે અને ચોતરફ નકારાત્મકતાનો માહોલ છે. ભારત સરકાર દ્વારા જયારે લોકડાઉન લંબાવવામાં આવ્યું છે ત્યારે આવી વિકટ પરિસ્થિતિ વચ્ચે લોકો તણાવમુક્ત રહે અને એમનો સકારાત્મક વાતાવરણ પ્રાપ્ત થાય એ હેતુથી સદ્ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીની પ્રેરણાથી ઓનલાઈન ૮ દિવસીય સમર્પણ ધ્યાન મહાશિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

સમર્પણ ધ્યાનયોગના પ્રણેતા સદ્ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી સમજાવે છે કે સમર્પણ ધ્યાન એ ધ્યાનની કોઈ પદ્ધતિ નથી, પણ એક સંસ્કાર છે.

# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે 'મશીન લર્નિંગ' વિષય પર વેબિનાર

વલ્લભ વિદ્યાનગર, તા. ૨૮

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્જીનીયર્સ ઈન્ડિયા (ઈલેક્ટ્રોનિક્સ એન્જી,સ્ટુડન્ટ ચેપટર ) દ્વારા તા.૨૬/૦૫/૨૦૨૦ના રોજ 'મશીન લર્નિંગ ' વિષય પર વેબિનાર યોજાયો.જેમાં એક્સપર્ટ તરીકે શ્રી રાહુલ પાઠક (ઈન્ફોટેક પ્રાયવેટ લિમિટેડ,નોઈડા ) ઉપસ્થિત રહ્યા હતા.તેમણે ઈન્ટ્રોડક્શન ટુ મશીન લર્નિંગ ફોર ડેઈલી લાઈફ,ન્યુરલ નેટવર્ક, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા સાયન્સ એનાલિટિક્સ,કમ્પ્યુટર વિઝન,નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ,ક્રિએશન ઓફ ચેટબોટ્સ,લાઈવ કેસ સ્ટડી ઓફ રીકમન્ડેશન સિસ્ટમ ઓફ યુ-ટ્યુબ એન્ડ નેટફ્લિક્સ વિષે રસપ્રદ માહિતી આપી હતી.



સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે ઈર્મજિંગ એરિયા,કોગ્નિટિવ ટેક્નોલોજી,મશીન લર્નિંગ તથા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું મહત્વ તથા તેની એપ્લિકેશન્સ,અધ્યાપકો તથા વિદ્યાર્થીઓનું અગ્રગણ્ય સંસ્થા દ્વારા આયોજિત વિવિધ ઓનલાઈન કોર્સીસમાં પાર્ટીસીપેશન,વિષે જણાવી ને ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્જીનીયર્સ (ઈલેક્ટ્રોનિક્સ એન્જી,સ્ટુડન્ટ ચેપટર)ના વેબિનાર ની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા.

ઈલેક્ટ્રોનિક્સ એન્જી.ના વડા ડૉ.તન્મય પવારે જણાવ્યું હતું કે ઉપરોક્ત વેબનારનું મૂળભૂત ઉદ્દેશ્ય મશીન લર્નિંગના ફંડામેટલ્સ તથા તેની રીઅલ ટાઈમ એપ્લિકેશનથી માહિતગાર કરવાનો હતો જેને અનુલક્ષીને એક્સપર્ટ દ્વારા માઈક્રોપ્રોજેકટ ઓન મશીન લર્નિંગ ફ્રેમ સ્કેચ નું નિદર્શન કરવામાં આવ્યું હતું.પ્રો.પારુલ પંચાલ (ફેકલ્ટી એડવાઈઝર , I.E.I Electroincs Engg,Student Chapter )એ એક્સપર્ટ નો પરિચય આપ્યો હતો.ડૉ જે.એમ.રાઠોડ(કોર્ડીનેટર , I.E.I Electroincs Engg,Student Chapter) એ જણાવ્યું હતું કે ઉપરોક્ત વેબિનારમાં ૧૬૦૦ થી વધારે વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો એ ભાગ લીધો હતો તથા વેબિનારને યુ-ટ્યુબ પર ૭૫૦૦ થી વધારે વ્યૂઅર્સ મળ્યા હતા.

## જન્મદિને વધામણી



જયંતિભાઈ આઈ રાવલ
મો. ૯૭૨૪૮ ૯૧૫૦૬



રમેશભાઈ લિમ્બાચીયા
મો. : ૯૪૦૮૬૦૨૮૧૯



સૌવ્યા રવિકિરણ પરમાર



નવ્યા સિરિન પટેલ
મો. ૯૮૯૮૭ ૨૩૪૨૫




કાવ્યા સંજયકુમાર રાયકા



શ્રેયાંશ પંકજ આગજા



કાન્તિલાલ ડી રાજ
મો. ૯૫૫૮૬ ૫૩૮૦૬



કિશોર માતરીયા
ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ/ રેડક્રોસ
મો. ૯૮૯૮૦ ૬૨૯૦૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક